# લેવી - (કર ઉઘરાવનાર) ના ઘરમાં પાપીઓનું ટોળું ઈસુને મળે છે.

**જેઓ બાળકોને શીખવવા માગે છે તેઓએ S5bનો અભ્યાસ કરવો.**

**૧. પ્રભુના વચનો સાથે તમારા મન અને હૃદયને તૈયાર કરો.**

**પ્રાર્થના :** ''પ્રભુ ઈસુ, દરેક જગ્યાઓમાં તમારા શિષ્યો બનવા માટે વ્યક્તિઓ તથા કુટુંબોને તૈયાર કરો. જુદા જુદા સમુહોમાંથી તેવી વ્યક્તિઓને શોધીને તેઓને મળવાને માટે અમારા રસ્તા પાધરા કરો.''



પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાપીઓને તેમના ઘરોમાં કેવી રીતે મળતા હતા. તે બાબત તમને મળશે. **માર્ક ૨ :૧૪ થી ૧૭** માં

- કર ઉઘરાવનારાઓ માટે પ્રભુ ઈસુ શું વિચારતા હતા ?(કલમ ૧૪)
- પ્રભુ ઈસુને જમવા માટે કોણે પોતાના ઘરમાં આમંત્રણ આપ્યું ? (કલમ ૧૫)
- લેવી એ પોતાના ઘરમાં બીજા કોને આમંત્રણ આપ્યું ? (કલમ ૧૫)
- પ્રભુ ઈસુ અને તે પાપીઓનું ટોળું ભેગા મળી શું કરતા હતા ?(કલમ ૧૬)
- પસ્તાવો કરવા માટે પ્રભુ કેવા લોકોને બોલાવે છે ? (કલમ ૧૭)

જેઓ તેના ઘરમાં પિત્તરની રાહ જોતા હતા તેઓને પિત્તર કેવી રીતે મળે છે. તે તેમને **પ્રે.કૃ. ૧૦:૨૪ થી ૩૩**માં મળશે.

- કર્નેલ્યસે તેના ઘરમાં કેવા પ્રકારના લોકોને આમંત્રિત કરી રાખ્યા હતા ? (કલમ ૨૪)
- અન્ય ધર્મીઓ સાથે પિતરનું નવીનીકરણ થયા પછીનું વર્તન કેવું હતું ? (કલમ ૨૮)
- કર્નેલ્યસે તેના ઘરમાં પિતરને તેડી લાવવા માટે કેવું કહેણ મોકલ્યું ? (કલમ ૩૦ થી ૩૨)
- કર્નેલ્યસે તેના સગા સંબંધીઓ અને મિત્રો વચ્ચે પિતરને કઈ વાત કરવા માટેની ઈચ્છા પ્રગટ કરી ? (કલમ ૩૩)

**પ્રે.કૃ. ૨૮ :૩૦-૩૧** માં પાઉલ શોધકોને પોતાના ઘરે બોલાવે છે અને તેઓને શિક્ષણ આપે છે.

- પાઉલ તેના ઘરમાં આવતા લાકોનો આદર સત્કાર કેવો કરતો હતો અને તેઓને કઈ વાતોનો બોધ કરતો હતો ?
- રોમમાં પોતાના ભાડાના ઘરમાં પાઉલ કેટલો સમય રહ્યો ?
- તેના ઘરમાં આવતા લોકોને કઈ વાતોનો બોધ કરતો હતો ?

અવિશ્વાસુ કે અન્ય ધર્મી તમારી સંગતમાં આવે તેઓની સાથે કેવા પ્રકારનું વર્તન રાખશો. તે તમને મળશે, **૧ કરીંથીઓને પત્ર ૧૪ :૨૪ થી ૨૬માં :**

- કેટલી વ્યક્તિઓને તેઓની વાતો કહેવા અને એકબીજા સાથે ચર્ચા કરવા માટે તમારી સંગતમાં આવવાની પરવાનગી આપશો.

- વિશ્વાસીઓએ કેવા પ્રકારની રજૂઆત કરવાની રહેશે.

  નોંધ : આ પ્રકારની સંગતમાં વિશ્વાસીઓ આસાની થી પ્રબોધ કરી શકશે. તેમજ અન્ય વ્યક્તિઓ આગળ તેઓની ઉન્નતી માટે, તેઓને સુબોધ કરવા અને તેઓને દેવના વચનો શીખવવા માટે કહેવું ખુબ જ સહેલુ થઈ પડશે. (૧ કોરીંથી ૧૪ :૩)
- વિશ્વાસીઓ સંગતમાં જે વાતો કરે છે છે સુબોધ કરે છે, તેના દ્વારા અવિશ્વાસી કે અન્ય ધર્મીઓના હૃદય સાથે પ્રભુ કઈ રીતે વહેવાર કરશે કે કાર્ય કરશે.

**સંગતમાં વિશ્વાસીઓ કઈ બે મહત્વની બાબતો સહેલાઈથી કરી શકશે.**


૧. નવા વિશ્વાસીઓ તેમની સાથે અવિશ્વાસુ કે અન્ય ધર્મી મિત્રો અને સંબંધીઓને સહેલાઈથી નાના સમુહની સંગતમાં ઈસુની વાતો શીખવાને માટે લાવી શકશે. ઝાખી, માત્થી તથા કર્નેલ્યસ સાથે ની બીનાઓ દ્વારા તેઓ ઈસુને જાણી શકશે.

૨.

**૨. આવતા અઠવાડિયાની પ્રવૃત્તિઓનું તમારા સહકાર્યકરની સાથે મળીને આયોજન કરો.**

- જો અવિશ્વાસુઓ કે વિધર્મીઓ ઈસુની વાતો શીખવા માંગતા હોય તો તેવાઓની મુલાકાત લો અને તેઓની સાથે અન્યો પણ જો ઈસુની વાતો સાંભળવાની તૈયારી બતાવે તો તેમના ઘરે ભેગા થવા માટેનું આયોજન કરો.
- જો તમારી સાથેની સંગતમાં નવા વિશ્વાસીઓ હોય તો તેવા વિશ્વાસીઓની મુલાકાત લો. અને તેઓના અવિશ્વાસી મિત્રો કે સંબંધીઓની એક નાની સભા ભરવાનું કહો કે જેથી અન્યો પણ ઈસુની વાતો સાંભળી શકે કે ઈસુને જાણી શકે.
- તેવા નાના સમુહની સંગતમાં જૂના કરારની વાર્તાઓ વર્ણવો કે જેથી તેઓ અનુભવી શકશે કે એક સાચો અને પવિત્ર દેવ આપણી પ્રાર્થનાઓ સાંભળે છે. તેમજ અન્ય આત્માઓ કરતા પવિત્ર દેવનો આત્મા સર્વશક્તિમાન છે. ઉપરોક્ત બાબતો સાથે આ ઉદાહરણો ને સાથે સાંકળી લો જળપ્રલય નું ઉદાહરણ (ઉત્પત્તિ ૬ :૫ થી ૨૨) સદોમ ગમોરાહનો નાશ. (ઉત્પત્તિ ૧૮ :૨૦મી કલમથી ૧૯માં અધ્યાયની ૨૯મી કલમ સુધી) અને બઆલના મૂર્તિપૂજક ભક્તોની વાત (૧ રાજા ૧૮)
- ઈસુનો પ્રેમ અને ઈસુની માફીની વાતોનું તેઓની આગળ વર્ણન કરો કે જે તમે ભાગ - ૧ માં શીખી ગયા છો.
- લોકો ને કાયમ સંગતમાં ભાગ લેવા માટે પ્રેરણા આપો.
- આવેલા લોકોનું યજમાન દ્વારા સ્વાગત કરાવો તથા આવેલ તમામ એકબીજાને નિહાળી શકે તેવી રીતે તેઓની બેસવાની વ્યવસ્થા કરો અને તેઓ સંસ્કારી સગંતમાં અને યોગ્ય જગ્યાએ આવ્યા છે તેવો તેઓને અનુભવ થવો જોઈએ. તેનું ખાસ ધ્યાન રાખો.
- ઘરમાં મળતી આવી સંગતને કેવી રીતે ચલાવવી તે માટે નીચેની સલાહ ને અનુસરો.
- નાની સંગતમાં, ખુરશીઓની વ્યવસ્થા અથવા અન્ય રીતે બેસવા માટેની યોગ્ય વ્યવસ્થા કરો કે જેથી આવનારા લોક એકબીજા સાથે સહેલાઈથી વાત કરી શકે તેવી વ્યવસ્થા કરો.

**કઈ વ્યવસ્થા સારી ? ખુરશીઓને લાઈનસર એકબીજાની પાછળ ગોઠવવાની કે જેથી પાછળ બેસાનાર ને આગળ બેસનારના માથા દેખાય અથવા ખુરસીઓને ગોળાકારમાં મુકવાથી દરેક એકબીજાને જોઈ શકે.** (જવાબઃ ખુરશીઓને ગોળાકારમાં ગોઠવેલ હશે તો દરેક વ્યક્તિ એકબીજાની સાથે ખૂબ જ સારી રીતે વાત કરી શકશે અને ધ્યાનથી સાંભળી શકશે.)



૩. **આગામી સંગત માટે તમારા સહકાર્યકર સાથે આયોજન કરો.**

તમારી મળતી સંગતની તત્કાલની જરૂરીયાતને ધ્યાને લઈને પ્રવૃત્તિની પસંદગી કરો.

**બાળકો** દ્વારા તૈયાર કરેલ નાટકની રજૂઆત કરો અને તેમણે તૈયાર કરેલી પ્રશ્નાવલીઓ ની રજૂઆત કરો.

ઉપરોક્ત (ભાગ ૧) ની વાર્તા **વાંચો અથવા કરો** અને તે વાર્તા યાદ રાખીને તેને લગતા પ્રશ્નો કરો.

ફિલિપીઅન જેલ ના કુટુંબની સંગત વિશેનું **વાંચન કરો** અને તેની ઉપર ટીપ્પણી કરો .(પ્રે.કૃ. ૧૬:૨૨ થી ૩૪)

પ્રભુની આરાધનાના સમયે ખાસ તમે જે જે ઘરોમાં સુવાર્તિક સંગતનું આયોજન કરેલ છે. તે તમામને માટે ખાસ **પ્રાર્થના કરો.**


ઘરમાં મળતી સુવાર્તિક સગંતની **સમીક્ષા કરવાની** ભલામણ કરો (નીચેની બાબતે ધ્યાને રાખો)

તાજેતરમાં મળેલી ઘરની સુવાર્તિક સંગતનો અહેવાલ મેળવો તથા તેમાથી ઊભી થયેલ સાક્ષીઓને ચકાસો.

**પ્રભુની મેજની સેવામાં જાઓ**, તેમજ પ્રેકૃ. ૨ :૪૩ વાંચીને તેમની આગળ પ્રભુના છેલ્લા ભોજનની સંગતનું આયોજન ઘરમાં જ થયું હતું તેવી રજૂઆત કરો.

મંજૂર કરેલ આયોજન અને એકબીજને ઉત્તેજન મળી રહે તે બાબતોને ધ્યાનમાં લઈ સંગતમાંથી બે અને ત્રણ વ્યક્તિઓનું **જૂથ** બનાવી ને પ્રાર્થના કરો.

બધા ભેગા મળી ૧ કરીંથી ૧૪ :૨૪-૨૫ કલમ **મુખપાઠ કરો.**



તમે ઉપરોક્ત જૂથોમાં મળતી સંગત માટે આત્મિક નેતાગીરી ઊભી કરવા માંગો છો અને તમોએ P.T. નથી વાંચ્યું અને એઓએફ નવા શીખાઉ ઘેટાપાળક ને તૈયાર કરતી રૂપરેખા નો અભ્યાસ નથી કર્યો તો હમણાં જ તેમ કરો.